ત્રિકાના
૨૧ માંથી

રંડાપો

[ઝેરમાંથી અમૃત]

તંત્રી અને પ્રકાશકઃ—રામશંકર મોનજી ભટ્ટ
ઠે. મોક્ષમંદિર—અમદાવાદ

ઈ. સ. ૧૯૪૦ સંવત ૧૯૯૬
આવૃત્તિ પહેલી નકલ ૨૦૦૦

કીંમત ૦-૧-૦ પોસ્ટેજ ૦-૦-૬ પાઈ

સૂચના—આ લેખ મોક્ષપત્રિકાના પુસ્તક ૨૧ના વૈશાખ માંથી નમુનારૂપ છે.વાંચતાં ઠીક જણાય,તો પહેલી તકે, મોક્ષ પત્રિકા મંગાવો.લવાજમ જુજ છે.૨–૩–૦ બાર માસનું. અને સમાગમનો સમાગમ છે: અનેક નિર્ણયોનો નિર્ણય, મ છે. અનેક સિદ્ધાંતોનો સાર, તેમાં આવી જાય છે. દુ:ખનું વિશ્રામ સ્થાન છે. એક વરસ મંગાવીને ખાત્રી કરો. ઠીક જણાય; તો ચાલુ રાખજો; નહીં તો રામરામ. મંગાવ વિચાર થાય; તો ૨–૩–૦ નો મનીઑર્ડર કરી દેવો. વી. પી. નહીં થાય.

તંત્રી.

અમદાવાદ-ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ સુરેશચંદ્ર પોપટલાલે છાપી.

રંડાપો—

બ્હેન અગર ભાઈ! રંડાપાના દુઃખથી આપ ઘણા જ પીડાતા હશો. કાળજું કપાઇ જતું હશે. બેચેનીનો પાર નહીં હોય! પુત્રાદિ વ્હાલાં સગાં પણ, આ દુઃખને સમજી શકે નહીં; એવું અગમ અને અસહ્ય દુઃખ, આપને ઘેરીને ઉભું હશે. આટલું વાંચતાં, આપનું દુઃખ, ઘણા પ્રમાણમાં ઓછું થશે. બે ત્રણ વખત વાંચતાં, અને વિચારતાં, જરૂર આરામ થશે. પુસ્તક ૨૧ના વૈશાકના અંકમાં, એક વિદ્વાન્, અને મોટી પ્રતિષ્ઠાવાળો, યુ. પી. નો વૈદરાજ, બાસઠ વરસની ઉમરે, પંદર વરસની કન્યાને પરણ્યો; અને કોલાહલ મચાવ્યો. તે ઉપરથી, આ લેખ લખાયો છે. સાંભળો—

રંડાપો—સ્ત્રીનો અથવા પુરૂષનો રંડાપો, એટલે શું? દુઃખ કે સુખ? સમજણ ન પડે; એવો વિષય! ગુંચવાઇ જઇએ; એવો અટપટો પ્રશ્ન. જરા ઠાવકાં થઇને બેસો; તો વાત કરૂં! શાંતિથી સાંભળો; તો કહું. મારૂં કહેવું સમજાય; તો રંડાપાનું ઘણું દુઃખ, ઓછું થઇ જાય; એવો આ ખુલાસો છે. આ અકસીર અને અક્ષય દવા છે. પ્રથમ હતું નહીં; અને વચ્ચે વળગી પડયું; તે અસહ્ય દુઃખનું, આ

નિવારણુ છે. રંડાપાના દુઃખ માટે, ઝુરી ઝુરીને મરવું; તે ગાંડપણુ છે; એમ ખાત્રી થશે. આવી પડેલી આફતને, અવશ્ય ઓળખવીજ જોઈએ. હવે સાંભળો—રંડાપો એટલે Turning point of the life—જીંદગીનું નવુંજ દૃષ્ટિબિંદુ; જીંદગીનો નવોજ માર્ગ. ધ્યેયથી વિમુખ થઇને, જ્યાં દોડયું જવાતું હતું; જ્યાં ઘસડાઇ જવાતું હતું; ત્યાંથી પાછા વળી જવાની, સુંદર—છતાં અનાયાસે પ્રાપ્ત થએલી—તક.

[પતિથી તજાએલી બ્હેને પણ, આ બોધ પ્રમાણેજ, પોતાના મનને સમજાવવું.]

અનાયાસે કેમ?—મરનારની સાથે રહેવા, જીવનાર ખુશી છે. મરનાર વિના, જીવનાર રહી શકતું નથી; પણ જ્યાં લ્હેણદેણનો સંબંધ હોય છે; ત્યાં લ્હેણું પતી જાય છે; ત્યારે એક બીજાને છોડી દેછે. લ્હેણદેણથીજ—ઋણાનુબંધથીજ—જીવ જીવને મળે છે; અને ઋણાનુબંધ પુરૂં થતાં, એક બીજાથી જુદાં પડે છે. અનેક સિદ્ધો સિદ્ધ કરીને બોલ્યા છે કે—

"ઋણુરે સંબંધે આવી મળે, સુત વીત દારા ને દેહ;
લેવા દેવા જ્યારે મટે, મારગ લાગશે તેહ—"

ત્યારે—'**આ સિદ્ધ વાત વિશે તમોને,**
આજ શો સંદેહ છે?'

'આજ' એટલે—તમારે પોતાને રંડાપો આવ્યો ત્યારે. 'લ્હેણુદેણે સૌ મળે છે; અને લ્હેણુદેણુ મટે ત્યારે; સૌ નોખાં પડે છે;' એમ આપ સૌ, સારી રીતે જાણો છો; અને આપે આપના જીવનકાળમાં, અનેકને એવો દિલાસો પણ, આપ્યો છે. છતાં આપને પોતાને રંડાપો આવ્યો; ત્યારે આપ આમ રાંક, કેમ બની ગયા? આપને રાંક બનાવનાર કોણ છે? તેને ઓળખો છો? તેને શોધી કાઢો. × × × બોલો! × × × પેલાં બ્હેન બોલ્યાં; તે બરાબર છે.

બ્હેન એમ બોલ્યાં કે—'વ્હાલાના વિયોગ વખતે, આપણને રાંક બનાવનાર, આપણો પોતાનો મોહ છે.' કેમ બરાબર સમજ્યાં? બચપણમાં પતિપત્ની એક બીજાંને ઓળખતાં નહોતાં. જુવાનીને દોરે ચડયા પછી, એકબીજાનાં હાડકા ચામડામાં, મોહ વધી પડયો. આ મોહ સ્થૂલ મોહ છે. આ મોહ મલીન છે. કારણકે વિષયસુખના અનેક રંગોથી, તે રંગાએલો હોય છે. તો—'આવા સ્થૂલ મોહને પ્રભુએ પેદા કાં કર્યો? કાં જગતને લેવા દેવા વિના, પ્રભુએ રંજાડી નાંખ્યું? કાં જગતને પ્રભુએ, ધુમાડાના બાચકા ભરાવ્યા?'

સાંભળો—તેનો જવાબ—ખાટી છાશમાં મીઠું અને જળ, ચાલ્યાં આવે; તો ખટાશ ઓછી થાય. તેમ માનવીને આવા

મોહની સાથે સાથે, પ્રભુએ જ્ઞાનની સગવડ કરી આપી છે. પકવાન સૌને ગમે છે; પણ અમુક વખતે, પકવાનમાં અભાવ થાય છે; તેમ વિષયસુખ મનુષ્યોને ગમે છે; પણ અમુક વખતે, તેમાં અભાવ થાય છે. આ અભાવ વખતે, જ્ઞાનનું બળ હોય; તો બળતા ઘરમાંથી ઉંઘતા માણસને, જેમ મ્યુનીસીપાલીટીવાળા ખેંચી લેછે; તેમ જ્ઞાન, માનવીને સ્થૂલ મોહમાંથી ખેંચી લેછે. 'જ્ઞાન મોહનો તદ્દન નાશ કરે છે?' ના—જ્ઞાન સ્થૂલ મોહને બદલે, સૂક્ષ્મમોહનો વધારો કરે છે. ૫૦–૫૫ વરસે, પતિપત્ની એકબીજા સામે જુએ ખરાં; પણ વિકારની સત્તામાં દબાય નહીં. એકબીજાં પ્રત્યે દયા, ભાવ, ક્ષમા, મૃદુતા, અને એવા ઉત્તમ ગુણથી આકર્ષાય. એકબીજાનો સ્પર્શ કરતાં, એકબીજાં પ્રથમ ચમકતાં હતાં; એકબીજાં વિકારથી દબાઇ જતાં હતાં. તે ભાવ, સ્થૂલમોહ કમી થતાં, અને સૂક્ષ્મ મોહનો ઉદય થતાં, ઓછો થાય છે. આવે વખતે અવકાશ, જ્ઞાન માટે પ્રવૃત્તિ, અને ચારિત્રનું નિરીક્ષણ [હજી જીવનમાં કયાં કયાં વિષય લોલુપતા છે તે.] આ ત્રણ મળી આવે; તો દંપતીસુખના અંતીમ આનંદનાં દ્વાર ખૂલે. 'પરણવું શામાટે? માત્ર વિષયસુખ માટે?'—ના. અંતીમસુખ માટે. મહેતાજી સાહેબ પાટી ઉપર પેનથી

લખતાં શીખવે; તે સ્થૂલ શિક્ષણ છે. ધંધામાં સારા અક્ષરથી લખીએ; તે સૂક્ષ્મ શિક્ષણ છે. સૂક્ષ્મ શિક્ષણ માટે, સ્થૂલ શિક્ષણની ખાસ જરૂર છે. તેમ સૂક્ષ્મ મોહ માટે, સ્થૂલ મોહની ખાસ જરૂર હતી. પુત્રાદિની જંજાળ ભયંકર છે. પુત્રાદિના મોહમાં, રાજા અને રંક, સૌ અથડાઇ મરે છે. પશુપક્ષીના કરતાં માનવીનો, પુત્રાદિમાં ભયંકર મોહ છે. પશુપક્ષીનાં બચ્ચાં, મોટાં થતાં ઉડી જાય છે. માનવીનાં બચ્ચાં, મોટાં થતાં, ભાર રૂપ થઇ પડે છે; જંજાળ વધારતા જાય છે. આ જંજાળમાં દંપતિ ખાટાં ખારાં થઇ જાય છે. દુઃખી દુઃખી થઈ જાય છે. પરિણામે તેમનો સ્થૂલમોહ અનાયાસે નાશ પામે છે. પણ સૂક્ષ્મમોહની ગંધ, તેઓ લઇ શકતા નથી. એટલે સ્થૂલ મોહમાંજ મરી જાય છે. સ્થૂલમોહની બહાર, પ્રભુનો માર્ગ છે; તે જોવા, જંજાળી દંપતી, નવરાં થતાં નથી. સ્થૂલ મોહ હાઇસ્કુલ છે; સૂક્ષ્મમોહ કોલેજ છે. એમ. એ. ની ડીગ્રી કોલેજમાં છે; તેમ મોક્ષની ડીગ્રી, સૂક્ષ્મ મોહના શિક્ષણમાં છે. સૂક્ષ્મમોહમાં, પતિપત્ની ખરાં; પણ અંતીમ સુખનાં અભ્યાસી. હવે આપ સૌ સમજી શકયાં-હશો કે-લગ્નનો હેતુ માત્ર વિષયસુખ નથી; પણ તેથી આગળ છે. લગ્ન વખતે વાજાં વાગે છે; તે પાય-

માલ થવા માટે નથી વાગતાં; પણ હવે પ્રભુ પંથે ચડયા; તે માટે વાગે છે. પરણવું એટલે પાયમાલી નહીં; પણ આબાદી. ધ્યેય (નારાયણ) ની સામે, ક્રમે ક્રમે, આગળ વધવાની ગોઠવણ.

સૂક્ષ્મ મોહનું બીજું નામ '**સૂક્ષ્મ વાસના**' છે. સૂક્ષ્મદેહની સાથે સૂક્ષ્મ વાસના રહે છે. સૂક્ષ્મ વાસનાજ, પુનર્જન્મ આપે છે. જુવાન થતાં સૂક્ષ્મ વાસના ફાલીને, સ્થૂલરૂપ ધારણ કરે છે. જ્ઞાનદ્વારા સ્થૂલ વાસનાનો અભાવ થાય; અને સૂક્ષ્મ વાસનાનું પણ સ્વરૂપ બદલાય છે; એટલે સૂક્ષ્મ વાસનામાં રહેલી મલીનતા તદ્દન નાશ પામે; તો મુક્તિનું દ્વાર, પાદર આવીને ઉભું રહે. આખરે પરમાત્માની પ્રાપ્તિ માટે, પવિત્ર વાસના પ્રગટે છે.

કેટલાએક કહે છે કે—'જુવાનને કથાવાર્તાની—જ્ઞાનની—જરૂર નથી;' પણ જુવાન રાંડે છે; ત્યારે; અથવા જુવાન આફતથી ઘેરાય છે; ત્યારે, તેને શાંતિ આપનાર, જ્ઞાન વિના બીજું કોણ છે? મુંજવણમાં આપઘાત થાય છે; તે જ્ઞાનને અભાવે થાય છે. દીવો ધરો; તો અજવાળું થાય.

આતો વચ્ચે મોહનું વિવેચન કર્યું; પણ રંડાપાનું વિવેચન બાકી છે. ઋણ સંબંધે મળ્યા; અને ઋણ પૂરાં થતાં જુદા પડયાં. સિદ્ધ વાત છે. છતાં વ્હાલાના મરણ

વખતે, ગમગીની કેમ ? તેનો ખુલાસો સાંભળો ! જેને મોહ હોય; તેને સ્નેહ હોય; અને જેને સ્નેહ હોય; તેને બળતરા પણ થાય. ધોરી નસ કપાતાં, બાહોશ ડૉકટરને શરણે જવું જોઇએ; તેમ વ્હાલાના મરણ વખતે, રૂડા પુરૂષને શરણે દોડયા જવું; અથવા રૂડા પુરૂષને, આપણે ઘેર પધરાવી, જ્ઞાનામૃતનું પાન કરવું. આ સગવડનો દેખાવ કરવો નહીં. દેખાવ કર્યો; તો તમને શાંતિ નહીં મળે. 'મરનાર હવે મળે એમ નથી; રાજા મહારાજાઓ પણ, મરણને અટકાવી શકયા નથી; વૈદ ડૉકટરો પણ, મરણને શરણ થાય છે. જુવાન હોય કે વૃદ્ધ હોય; રાજા હોય; કે રંક હોય; પણ—

દોરી તુટી આયુષ્યની, તો સાંધનારૂં કોણ છો ?

અને જે ગયા; તે પાછા આવ્યા નથી. મરનારને મરવું ગમતું નથી; પણ હજુરનો હુકમ થાય; ત્યારે સૌ લાચાર ! આ જગત્ ઇશ્વરને આધીન છે; માનવીને આધીન નથી; એવા અનેક સિદ્ધાંતોથી, મનને દૃઢ કરીને, મરનારના શોકમાંથી પાછું વળવું. શોકમાં ઘેવાઇ જવું નહીં; પણ શોકને દબાવી દેવો. મરનારે આપણા ઉપર કૃપા કરીને, આપણને તેમના બંધનમાંથી (મોહમાંથી) મુક્ત કર્યા; એવો સવળો અર્થ કરવો. મુક્ત કર્યા એટલે—જ્યાં ત્યાં

રોદડાં રોવા મુક્ત કર્યાં નથી; મુક્ત કર્યાં–એટલે–રજળી મરવા મુક્ત કર્યાં નથી; પણ 'હવે મારૂં કર્તવ્ય શું? હું કઇ રીતે આગળ વધી શકું?' તેનો સંપૂર્ણ વિચાર કરવા, મુક્ત કર્યાં છે. આપણી મુક્તિમાં, મરનારની મુક્તિ છે.

'**એક ઘડી તે લાખેણી વહી જાય;**' એમ સમજીને, વિધવા–વધુરે, એક પળ પણ નકામી જવા દેવી નહીં. પોતાના નાવને, પોતાની વૃત્તિને, શ્રીહરિ તરફ વાળી દેવી. પ્રભુ જે કરે; તે સારા માટે; એવી લોકવાયકાને પ્રમાણ માનીને, દુઃખમાંથી સુખને શોધી લેવું. તાત્પર્ય–રંડાપો એટલે દુઃખી દુઃખી! હાય હાય! અને ઓય ઓય! નહીં; પણ જ્ઞાન વૈરાગ્યની સંપૂર્ણ સગવડવાળું શાંત સ્થાન. જે સ્થાનમાં દીનોનાથ મળે; તે પવિત્ર સ્થાન. જે સ્થાનમાં બે પૈસા, કલ્યાણ માટે વાપરી શકાય; એવું ઉદાર સ્થાન. જે સ્થાનમાં સંસારનો મોહ કમી થાય; એવું તે મોક્ષ સ્થાન. ગીતાના બીજા અધ્યાયમાંથી, સ્થિત–પ્રજ્ઞનાં લક્ષણ, બારમા અધ્યાયમાંથી ભક્તનાં લક્ષણ, અને ૧૪મા અધ્યાયમાંથી, ગુણાતીત પુરૂષનાં લક્ષણ, રંડાપાનાં શણગાર સમાન છે. માટે વિધવાએ અને વિધુરે, આ શણગારથી, મન–વચન અને કાયાને શણગારવાં. જેટલું બને તેટલું ખંતથી તેનું

 ૨૨૨૭૬

પાલન કરવું. બસ! આટલું આવડે; તો રંડાપો સફળ થઇ જાય. સોમલ સાકર થઇ જાય.

સંયોગ અને વિયોગ સંસારનો સ્વભાવ છે. જે મળે; તે છુટું પણ પડે; તેમાં કોઇથી ના પડાય નહીં. રસ્તામાં મળે; અને રસ્તામાં છુટા પડે. પતિ પત્ની લગ્ન પ્રસંગે મળ્યાં; તો તે છૂટાં પણ પડે. જગત્ આપણું નથી. ઇશ્વરનું છે. તો મળતાં જેટલો આનંદ થાય; તેટલો આનંદ, છૂટા પડતાં થવો જોઇએ. બ્રાહ્મણ સન્યાસ લે છે; ત્યારે સન્યાસની અંતીમ ક્રિયા વખતે, જે સ્ત્રીને ઘણા હેતથી, તે 'પ્રિયા' કહેતો હતો; તેને 'માતા' કહીને, તે બોલાવે છે. દૃષ્ટિ બદલાણી; તે સાથે સૃષ્ટિ પણ બદલાણી. એકજ અવતારમાં, આશ્રમ ફેર થતાં, પ્રિયા જનનીરૂપે સામાં આવીને ઉભાં રહે છે. વાસનાનું ભયંકર ચક્ર, મરડાઇ જાય છે. સ્થૂલમોહનો તે વખતે, તદ્દન નાશ થઈ જાય છે. નગ્ન બાળક રૂપે, સામે ઉભેલા પતિને, (સન્યાસીને,) જનનીરૂપે સામાં ઉભેલાં પત્ની, કૌપીન પહેરાવે છે. પછી સ્ત્રી જનનીરૂપે, સ્વામીને ભિક્ષા પીરસે છે. ભારતનું તત્ત્વજ્ઞાન, એમ બોલે છે કે–' ખેલમાં ઉતર્યા હતાં; ત્યારે તમે પતિ પત્ની હતાં; ખેલ પૂરો થયો. હવે તમે મા દિકરો!' આતો અજબ, અને ગજબ વાતો છે.

આતો શાસ્ત્રસંમત વાતો છે. શાસ્ત્ર કહે છે કે—સ્ત્રીને પરણતાં જેટલો આનંદ થાય; તેટલો આનંદ, સ્ત્રીથી વિખુટાં પડતાં, રાખવોજ જોઇએ. વીખુટાં પડતાં આનંદ ન રહે; તો તેટલું અજ્ઞાન—તેટલો મોહ—તેટલાં પાપ! તો પછી મરનારના શોકમાં, ગાંડા થઇને, ગોવિંદને કેમ ભૂલાય? માનવ અવતારનું ધ્યેય, પતિ અથવા પત્ની નથી; પણ નારાયણ છે. પતિ અથવા પત્ની તો, નવાણું ટકા, નારાયણનો રસ્તો ચુકાડનારાં છે. પત્ની, પતિના મોહમાં, ઘેલી થઇને ઘુમે છે; અને પતિ, પત્નીના મોહમાં, ઘેલો થઇને ઘુમે છે. ધ્યેયને ચૂકી જાય છે. એમાંથી એક રમકડું, પ્રભુ ઉપાડી લે; ત્યારે પ્રભુએ આવરણ તોડીને, પોતા તરફ આવવાનો રસ્તો, ખુલ્લો કરી આપ્યો. પ્રભુએ દુ:ખમાં સુખ કરી આપ્યું. રંડાપામાં ન સમજી શકાય;એટલું દુ:ખ છે; અને ન સમજી શકાય;એટલું સુખ છે. ચાટલામાં જોતાં મુખ દેખાય; તેમ શાસ્ત્રમાં જોતાં, સુખ સમજાય. દુ:ખી માણસોએ, અજ્ઞાનીની ઓથે કદિ રહેવું નહીં. અજ્ઞાની રડે અને રડાવે. તો પછી સત્ય વસ્તુને સમજી લેતાં વાર શી? હજી જરા આગળ વધીને જુઓ! તો આ સંસારનાં દુ:ખો માટે, શોક કરવાનો છેજ નહીં. દષ્ટાંત—જુવાન પુત્ર મરી ગયો હોય; તો પણ શ્રવણી

સરાવતાં, સારનાર, માથે લાલ પાઘડી મુકે છે—અને મરનારના ઘરમાં, સરાવનાર લાપશી જમે છે. આ ક્રિયા જાણે એમ કહેતી ન હોય; કે—"તું માનવી છો. માનવીના શોકના કાયદા જુદા છે. એટલે આયુષ્ય ખૂટયા પછી, કોઇથી આ જગત્‌માં રહી શકાતું નથી. મરનાર પાછો મળે; એમ નથી; માટે મરનારની પાછળ, તું ન મરીશ. અફસોસમાં ને અફસોસમાં, તું ન ઓગળી જઇશ. શાસ્ત્ર કહે; તેમ કરજે! જ્યાં અનેક તત્ત્વવિદ પુરૂષો વિરમ્યા છે; એવા પ્રભુચરણમાં, તું જતો રહેજે; અને ત્યાંજ રહેજે. એજ તારો સાચો સગો છે. સંતોનો સમાગમ તારાં દુઃખનો નાશ કરશે."

સુવ્રતા અને સુવ્રત—શાસ્ત્ર દ્દષ્ટિથી વિધવા 'સુવ્રતા'—'સારા વ્રતને ધારણ કરનારી' ગણાય છે. તેમ વિધુર પણ, 'સુવ્રત'—સારા વ્રતને ધારણ કરનાર ગણાય છે. આ ઘણું જ ગૌરવભર્યું પદ છે. **રંડાપો એટલે વિષય સુખને તાળું!** જે વ્રતમાં બ્રહ્મચર્યનું પાલન મુખ્ય હોય છે; તે વ્રત, હમેશાં ઉત્તમ ગણાય છે. વિધુરે સ્ત્રી સામે, ઉંચી નજરે જોવાય જ નહીં. અને વિધવાએ પુરૂષ સામે, ઉંચી નજરે જોવાયજ નહીં. નજરનાં ઝેર વશમાં છે. સ્ત્રી પુરૂષનો સમાગમ,

એક બીજાને અરસ્પરસ આફત છે. તપસી પણ લપસી ગયા છે. ધર્મને નામે પણ, સાચવીને રહેવું. 'હું સુવ્રતા છઉં;' અથવા 'હું સવ્રત છઉં;' તે કદિ ભુલવું નહીં. વિધવા વિધુરે પોતાને પાળવાના ધર્મ જાણીને, તે પાળવા. કરોડો દેતાં ન મળે; એવી મળી આવેલી તકને, બેવકુફીમાં ફેંકી દેવી નહીં. તકનો લાભ બરાબર લેવો. દીનાનાથને રીઝવીલેવો; માણીલેવો. અહીંથી નીકળેલા 'શરણાંગતિ'ના બે ભાગ વાંચવા. ઘરમાં રહીને સંન્યાસના ધર્મ પાળવા. સાદાં પવિત્ર વસ્ત્રો પહેરવાં; સાદું પવિત્ર ભોજન જમવું. ડોળ–દંભ કરવો નહીં. વ્રત કરતાં શરીર બગડે; તેવું વ્રત કદિ કરવું નહીં. કારણકે શરીર સ્વસ્થ હોય; તોજ જ્ઞાન પ્રાપ્ત થાય; અને જ્ઞાન હોય; તોજ મુક્તિ પ્રાપ્ત થાય. હવે રંડાપાનો વિષય બસ! તોપણ આગળ સાંભળો—

પોતાના નિર્વાહ માટે, અથવા ઘરમાં પોતાને કરવા જેવું કામકાજ, કેડ બાંધીને કરવું. કામથી ગભરાવું નહીં. કામને વચ્ચેથી ઉડાડી મુકીએ; ત્યારેજ પ્રભુ ભજવા, શાંતિથી બેસાય.

સ્ત્રીને પતિ, અને પતિને સ્ત્રી, મોત આવે છે; ત્યારે મરી જાય છે. તોપણ જીવનાર, વિધવા અથવા વિધુર, જીવે

છે ત્યાં સુધી, ઝુર્યાં કરે છે. સ્નેહના પાશને તોડી શકતાં નથી; અજ્ઞાનને ઉલેચી શકતાં નથી. એક જરા જેટલો રોગ આવે; તો દસ વૈદને ઘેર ધક્કા ખાઓ છો; અને આ ભયંકર રોગ મટાડવા, કાંઇ પ્રયત્નજ થતો નથી. કોઇ કહે કે–'પ્રયત્ન થાય છે;' તો તેને કહી દેજો કે–'પ્રયત્ન નાંખી દેવા જેવો થાય છે.' વ્હાલાના મરણથી, મનમાં ને મનમાં મુંઝાઇ મરવું; તે વ્યાજબી નથી. આતો મનુષ્યદેહ! સંપૂર્ણ સગવડ વાળો દેહ! ઓરડે ઓરડે દીવા! ત્યાં અંધારાં કેમ? પોસ્ટ, તાર, ટેલીફોન, વાયરલેસ, વિગેરે ખુલ્લાં છે. તેમ આવા ભયંકર દુઃખની દવા પણ છે. 'મરવું કેવી રીતે?' અથવા–'મરનારના વિયોગમાં જીવવું કેવી રીતે?' તે પુસ્તક અહીં તૈયાર છે. તેમાં અમારા પોતાના હ્રદયના ઉભરા ઠાલવી દીધા છે. અનુભવનો ઢગલો કરી નાંખ્યો છે. આંગળીએ સપ કરડે; ત્યારે રૂડો ડોકટર આંગળી કાપી નાંખે; તો તે બચે. 'કોઇ કોઇનું છે નહીં; સંસાર ધુમાડાના બાચકા છે;' એમ વારંવાર જાણ્યા છતાં, હ્રદયે આંચકા કેમ? તો તે આંચકા મટાડવાની દવા, કેમ ન પીવી? રોગનું નિવારણ દવા કરે; દુઃખનું નિવારણ દિલાસો કરે. તો દિલાસા માટે કાં 'મરનારના વિયોગમાં

જીવવું કેવી રીતે?' તે ન વાંચવું? [દરેક ભાગની કીંમત માત્ર અઢી આના છે.] કાં ભડકા ન ઠારવા? કાં શાંતિને ન શોધવી? કાં બાકી રહેલા આયુષ્યને ધૂળધાણી કરી નાંખવું? આ દેહ અનેક પુણ્યે મળ્યોં છે. તેની એક એક પળ, અબ્જો કરતાં મોંઘી છે. વૈદ ડાકટરને પુછી જોજો. મરનારને એક પળ પણ, તે જીવાડી શકતા નથી.

પુસ્તક ૨૧ ના મહાના અંકમાંથી—

એકાદશ સ્કંધના ૧૮મા અધ્યાયમાં, સ્વધર્મનો મહિમા શ્રીકૃષ્ણે બહુ બતાવ્યો છે. ત્યાં વિવેચનમાં (૧૭૩૬ મા પાના ઉપર) આપણે કહ્યું છે કે—

'પ્રભુને પામવાના પ્રયત્નમાં, સ્વધર્મની મદદ, જેવી તેવી નથી. સ્વધર્મની ભઠ્ઠીમાં જે શેકાય; તેજ પરમપદને પામે. તેજ આગળ વધી શકે.' એમ કહીને, આપણે વિધવાઓને અને વિધુરોને પણ યાદ કર્યા હતાં. તે વાત અહીં ફરી લાવીએ; તો આ વિષય બરાબર સમજાશે. સાંભળો—

વિધવાઓ—ઘરમાં માબાપ જીવતાં હોય; અને દિકરીને રંડાપો આવે; તો દિકરીનાં એવાતણ (ચુડો) ઉતરે; અને બાનાં એવાતણ (ચુડો), એમને એમ રહે. નાની

બાળક પુત્રવધુ રાંડે; તો તેનાં એવાતણુ (ચુડો) ઉતરે; અને સાસુનાં એવાતણુ (ચુડો) રહે. આ શું છે? આ પૂર્વનાં પાપનો પુરાવો છે. આટલું સમજ્યા પછી–વિધવાએ યાદ રાખવું કે–સ્મરણમાં લાવવું કે આવાં અનેક પાપનો નાશ કરવા, આ મનુષ્યદેહ મળ્યો છે. અથવા મેં પોતે, પાપનો નાશ કરવા, આ મનુષ્યદેહ માંગી લીધો છે. મનુષ્યદેહ કર્તવ્યનો પોકાર કરે છે. આ વિધવા અવસ્થા (વિધવા-પણું) કર્ત્તવ્યદિક્ષા છે. કર્તવ્યમાં પરાયણ રહેવા માટે, સંપૂર્ણ સગવડવાળું સ્થાન છે. સંસારનાં મૃગજળ જેવાં, સુખને નામે ઓળાતા, અનેક ઉપદ્રવોમાંથી, વિધવા સ્ત્રી બચી જાય છે. એટલે–સંસારમાં વિધવાનાં શુકન ન લેવાય; વિધવા લગ્નમાં કામ ન આવે; આ પ્રમાણે શ્રીહરિથી વિમુખ કરનારાં, અનેક ઉપદ્રવોમાંથી વિધવા બચી જાય છે. પતિથી મુક્ત થતાં, વિષય સુખથી પણ, તે મુક્ત થઇ. વિષયસુખથી મુક્ત થતાં, સુવાવડનો ત્રાસ, અને સુવાવડની પાછળ, સંતાનોની જંજાળ; તેમાંથી પણ વિધવા મુક્ત થઇ. જે વ્રતમાં બ્રહ્મચર્યનો મુખ્ય ભાગ હોય; તે સુવ્રત કહેવાય. તે આધારે વિધવા **સુવ્રતા** બની. સંસારદૃષ્ટિએ વિધવા અભાગણી ગણાય છે; પણ શાસ્ત્રદૃષ્ટિથી વિધવા, '**સુવ્રતા**' ગણાય છે. આ સુવ્રતનું

પાલન, તે સ્વધર્મની ભઠ્ઠી છે. આ ભઠ્ઠીમાં શેકાય; તેનાં પાપ બળીને ખાખ થઇ જાય. પુનર્જન્મ આ અવસ્થામાં બેસીનેજ ઘડાય છે. આ દેહથી મુક્ત થતાં, વિધવાને ઉત્તમદેહ, અથવા મુક્તિ પ્રાપ્ત થાય છે. જેનામાં નાતરાં (પુનર્લગ્ન) ની છૂટ છે; તે નાતમાં પણ, પવિત્ર વિધવાઓએ, ફરી ફંદમાં પડવું નહીં. માનવ મટીને, પશુ થવું નહીં. પ્રભુ ભજવાની આવી મળેલી સુંદર તકને, ફેંકી દેવી નહીં. વિધવા ઓરડાનો સન્યાસી છે. સન્યાસીને શણગાર ન શોભે; તેમ વિધવાને પણ શણગાર ન શોભે. આ બાબતમાં, મતભેદ નથી. મતભેદ બતાવે; તે સનાતન નથી. તે ધર્મ અગર સંપ્રદાય, અસલ નથી; પણ નકલ છે. 'સધવા શણગારે શોભે; વિધવા વૈરાગે શોભે.' તે દીવા જેવી વાત છે. તેમાં શંકાને સ્થાન નથી; તેમાં કોઇની સલાહની જરૂર નથી. તો પછી વિધવાએ સાચી વિધવા શામાટે ન થવું? શામાટે આ અંધારમાં અથડાવું? અનેક સંત મહંત લાંબા લાંબા વિચાર કર્યા પછી, બોલ્યા છે કે—

'જુદાં [1]પ્રલોભન જગતનાં, મોહાંધ ત્યાં થાતો નહીં;
જુદા જગત્ અંધારમાં, હે મુર્ખ! અથડાતો નહીં.'

---

૧ લાલચો.

એટલે વિધવાએ, સાચી વિધવા શામાટે ન થવું ? ખોટા વેશ શામાટે પહેરવા ? વિધવાને માથે વાળ, અને હાથે કંકણ, તે કર્તવ્યદિક્ષાનાં લાંછન છે. આંગળીમાં વાટી, અને કંઠમાં હેમની માળા, અગર એવા કાંઇ શણગાર, વિધવાને શોભતા નથી. ઉલટાં લજવે છે. સમજુ વિધવાએ, આ લાંછન, પહેલી તકે ધોઇ નાંખવાં. સ્ત્રીઓએ વાળ ઉતરાવવા, ધાંયજા પાસે જવું પડે; તે અડચણ, અત્યારે દૂર થઇ શકે એમ છે. સાંભળો—વાળ કાપવાનું ઝીણું મશીન (સંચો) આવે છે. આ મશીન માથે ફેરવતાં, હજામત જેવું માથું થઇ જાય છે. ધાંયજો અરધી કલાકે પરવારે; અને મશીન પાંચ મીનીટમાં કામ કરી આપે. ઘરમાં ગમે તે બ્હેન ભાઇ, આ મશીન માથે ફેરવી શકે. ધાંયજાની જરૂર પડે નહીં. વાળ માથે રાખીને ચાલતાં, વિધવાને ડગલે ડગલે દોષ લાગે. પતિને અસદ્‌ગતિ થાય. બંધન તૂટયા પછી, બંધન શાં ? કંકણ કાઢી નાંખીને, છૂટે હાથે, સંસારને કાં ન તરવો ? સગવડને કાં ફેંકી દેવી ? બ્હેનો ! સંસારે તમને તારવીને સંસારની બહાર ફેંકી દીધાં; તોપછી સંસારમાં પડવાની અભિલાષા શી ? જગત્ તમને ઠોકર મારે છે; તોપછી તમે જગતને, કાં ઠોકર ન

મારો ? કાં નફ્ટ થઇને નાચો ? એક આધાર તૂટયો; તો બીજો સબળ આધાર, કાં ન સાધી લ્યો ? ગરીબાઇથી લગીર પણ ગભરાશો નહીં. નાગાઇથી ગભરાજો. આળસથી ગભરાજો. સાદાઇથી રહેજો; અને મુંઝાઓ; ત્યારે પ્રભુ પાસે માગી લેજો. તે આપવા તૈયાર છે. તે અધિકારીને–સુપાત્રને–શોધે છે. સુપાત્ર વિધવા થશો; તો દોડી આવતી આફતો પણ, ઓગળી જશે. પવિત્ર વિધવાઓ, આ દેશના ધર્મના, મજબુત થાંભલા છે. સાધુ, સન્યાસી અને બ્રાહ્મણોએ પણ, વંદન કરવા લાયક છે. વિધવા બ્હેનોએ સન્યાસીના ધર્મો સાંભળવા; અને તે બરાબર પાળવા. અનાયાસે દોડી આવેલા ત્યાગના અંતીમ સુખનો આદર કરવો. વિધવાએ ખમી ખાતાં બહુજ શીખવું. 'એમ પણ હોય;' 'સાંભળવું પણ પડે.' 'લાખોના નફા લેવા હોય; તેણે બે પાંચ રૂપૈયા જતાં પણ કરવા પડે.' 'હવે હું હરિ શરણે આવી છઉં; તો પ્રભુને નમ્રતા બહુ ગમે છે. નમ્રતાનો પાઠ, જગત્માંથી મારે, ભણી લેવો જોઇએ.' 'ક્રોધ કરતાં અને કચવાતાં, મનની શાંતિનો ભંગ થાય'; આવા અનેક વિચારો કરીને, વિધવાએ ખમી ખાતાં શીખવું જોઇએ. માનવી ભયંકર પ્રાણી છે. પતિ મરી જતાં, વિધવા પુત્રોની

આશા રાખીને બેસે છે. પણ પુત્રો, સોએ નવાણુ ટકા, હરામખોર હોય છે. પુત્રને પરણાવ્યો; કે તે પારકો! પુત્રને પરણાવ્યા વિના ચાલે નહીં; અને પારકો થયા વિના, તે રહે નહીં. કાળજું પાથરી આપો; તો પણ તે તેને ખુંચે. માટે વિધવાએ, પતિના સુખની લાલચમાંથી મુક્ત થયા પછી, પુત્રોના સુખની લાલચ પણ, રાખવી નહીં. લાલચ એક દિનાનાથની! 'ઉરે ઓ! એકલો તું–તું!' પાપ કરીને પ્રગટયા હોય; તે પુત્રોની, આ વાત છે. પુણ્ય કરીને પ્રગટયા હોય; તે પુત્ર અને પુત્રવધુ, વિધવા બાને, લગીર પણ સતાવતાં નથી. પણ એવાં ભાગ્યશાળી, એક બે હોય. ઉપર કહ્યું કે–'માનવી ભયંકર પ્રાણી છે.' એટલે પશુ પક્ષી કરતાં પણ, તે વધારે હિંસક, સ્વાર્થી, અને મદાંધ છે. માટે માનવીને ખાસ કામ હોય; તોજ મળવું. સમયની પળેપળનો હિસાબ રાખીને જીવવું. ઉપર કહ્યું કે–'વિધવાએ ખમી ખાતાં બહુજ શીખવું.' તેનું આ વિવેચન કર્યું. આફત દેખી આકળા થવું નહીં. બહુ બોલતાં બંધ થવું. મન, વચન, અને કાયાથી પ્રત્યેક પળે, પવિત્ર રહેવું. એક વખત જમવું; પથારીએ સુવું. એકાદશી આદિ, બની શકે તેટલાં વ્રત કરવાં. શરીર બગડે; એવું એક પણ વ્રત કરવું નહીં. શરીર હોય તો જ્ઞાન; અને જ્ઞાન હોય તો

મુક્તિ. વિધવા પાસે, ઘરનાં સૌ કામ માગે. તે પણ શરીર આરોગ્ય હોય; તોજ બને. ઘરમાં પોતાને ગમે; તે દેવની સુંદર છબી રાખવી. હરતાં ફરતાં તેની ચરણરજ લેવી. અવકાશ લઇને, વૃત્તિને તેમાં વાળવી. દિવસમાં બે પાંચ વખત, પ્રભુને હાકલ પણ કરવી. પ્રભુને દિન ભાવે કહેતાં રહેવું કે–'કાં આમ? કાં યાદ આવતા નથી? કાં મારે હૃદયે વસતા નથી? મારે હૃદયે જે વસ્યો હતો; તેને આપે બોલાવી લીધો; તો હવે આપ કાં હૃદયે આવતા નથી. હવે મારે આપનો આધાર! હવે મારે આપનું શરણું! કાં શરણાંગતની રક્ષા ન કરો? કાં મારા મનને અન્ય વિષયોમાં ભટકાવો? દયાળુ થઇને દયા નહીં કરો; તો હવે મારૂં કોણ? કૃપાળુ થઇને કૃપા નહીં કરો; તો હવે મારી ફર્યાદ કયાં?' આમ કહેતાં કહેતાં, ચરણમાં નમી પડવું. કાંઈ દુઃખ થાય; ત્યારે જરૂર પ્રભુને ઠપકો દેવો. ઠપકા સાંભળવા, તે તૈયાર છે. પરવાવાળા માટે, તે એટલો બધો પરવાવાળો છે કે– બ્હેન! આપ પાંચ ડગલાં ચાલશો; તો તે રઢીયાળો પચીશ ડગલાં, આપની સામે દોડયો આવશે. વંદન કરો–એ રઢીયાળા દેવને, વંદન કરો! આ ઉત્તમ ધર્મ પાળનારી સન્યાસીની–પવિત્ર–વિધવાઓને!

વિધવાઓને ધર્મ પાળતાં, આળસ અથવા નાસ્તીક્તા ઉત્પન્ન થાય; ત્યારે બ્હેનોએ શ્રાવકની ગરણીજીનાં દર્શન કરવાં. તે ગરણીજીઓમાં કેટલીએક બ્હેનો, બાળકુમારી હોય છે. કેટલીએક બ્હેનો, બાળવિધવા હોય છે. કેટલીએક બ્હેનો, કરોડપતિનાં સુખ તજીને, સન્યાસને રસ્તે ચડી હોય છે. 'ખાવાં ન મળ્યું અને બાવા થયા'; એવું શ્રાવકમાં ઘણુંજ થોડું હોય છે. વળી તે બ્હેનો, પંડિતો પાસે બેસીને ભણે છે; અને સ્ત્રીયોની સભાઓમાં, કથા વાર્તા કરે છે. [આ રાજનગરમાં, આવું જોવાનું મને મળે છે; તે મેં આપને આજ વિદીત કર્યું.]

વિધુરોને પણ—વિધુરોએ પણ ફરી ફંદમાં પડવા વિચાર ન હોય; તો ઘરમાં રહીને, સન્યાસીઓના ધર્મ પાળવા. ૪૦–૪૫ કે ૫૦ પહોંચ્યા હો. અથવા મરનારીનાં બાળ-ગોપાળ હોય; તો ફરી પરણીને, કજીયાને કદિ નોતરવો નહીં. નવી સ્ત્રી ગમે એવી ડાહી હોય; પણ તેને જુનીનાં છોકરાં, અને ઘોળાવાળવાળો ધણી, ગમતો નથી. નાતજાતના દબાણમાં, નવી સ્ત્રી ડાહી દેખાય; બાકી તેને કાળજે, ભયંકર કચવાટ આવીને ઉભો રહે છે. જ્યાં દિલેદિલ મળતાં નથી; ત્યાં **દૈવી** દંપતીભાવ ઉભો રહી શકતો નથી. ત્યાં

માત્ર વિષયસુખની અગ્નિ ભભુકે છે. આ અગ્નિમાં પડેલાં પતિપત્ની, જોતજોતામાં ઘરડાં થઇ જાય છે. જીવનના ખીલેલાં પુષ્પો, અકાળે કરમાઇ જાય છે. માનવની દૈવી સંપત્તિ, નકામી વેરાઇ જાય છે. વળી નવી સ્ત્રીનો વંશ વિસ્તાર, ઘરડા બાપને 'મારો મારો' કરતો દોડયો આવે છે. જીવે ત્યાં સુધી તેને જંપવા દેતો નથી. વિધુરોએ ફરી ફંદમાં પડતાં, ઘણોજ વિચાર કરવો. વિધુરની આસપાસ રહેનારાં, વ્હાલાં સગાંઓએ પણ, વિધુરના મનની ઘણીજ સંભાળ રાખવી. થોડું દુઃખ મટાડતાં; મોટી આફતમાં વિધુર પછડાઇ મરે; એવું કદિ કરવું નહીં. થોડું દુઃખ સહન ન થાય; તો રૂડા પુરૂષોના સંગમાં, અવારનવાર જતા આવતા રહેવું. સંસારીઓના સંગમાં, સ્ત્રીઓના સંગમાં, અને સ્ત્રીઓના સંગીઓના સંગમાં, જેમ બને તેમ બેસવું નહીં. જો મન સ્ત્રીનો વિચાર કર્યા કરે; તો મનને હાકલ મારતાં રહેવું કે–'હવે બસ! હવે હાંઉ! સન્યાસ આશ્રમનાં, અનાયાસે આવી પડેલાં સુખનો લાભ, હવે કાં ન લેવો? હે મન! હવે મને કાં વિષયોમાં ભટકાવ? સ્વર્ગાદિના દેવો પણ, વિષયોની લાલચમાં, લાચાર બની ગયા છે. વિષયો, કીડી મકોડી સુધી છે. નરકમાં પડયા છે; તે જીવો પણ,

વિષયો ભોગવે છે. પશુ પક્ષીઓ પણ, વિષયોની લાલચમાં અથડાઇ રહ્યાં છે. જન્મ મરણ આપનારી, આ ભયંકર લાલચમાંથી, હે મન! તું હવે–મને–કાં ન બચાવ? તું મારૂં પરમ મિત્ર છો. કાં શત્રુનાં કામ કરવા તૈયાર થા?'

મનને આમ હાકલ મારતાં મારતાં, સંતોના ચરણમાં રહેવું. જ્ઞાનામૃતનું પાન કરવું. પવિત્ર જીવન ગાળવું. આહાર વિહાર બદલી નાંખવા. પોતાને બેસવા ઉઠવાના ઓરડામાં, પોતાને ગમતા હોય; તે દેવની સુંદર છબી રાખવી. હરતાં ફરતાં પ્રભુનું ચરણ નિહાળવું. ચરણરજ લેવી; કૃપાની માગણી કરવી. જ્ઞાન વૈરાગ્ય વધે, એવાં પુસ્તક વાંચવાં; અગર સાંભળવાં. ધંધો કરવાની ના નથી; પણ ધંધો આપણને દબાવી દેતો હોય;.પ્રભુ ભજવા નવરા પડવા દેતો નહોય; તો તે ધંધાને ધમકાવતા રહેવું. 'બસ! હવે નહી!' એમ ધમકાવતાં ધંધો ઢીલો પડી જશે. જીંદગીભર ધંધામાં કુટાઇ મરતા, અને માન બડાઇ માટે, મોટી મોટી સભાઓમાં અથડાતા, અને આખરે ખાલી હાથે મરી જતા, અનેકને આપણે જોયા; તો પછી જગતના ઠાલા ઠાઠમાં, અથડાવાની આકાંક્ષા કેમ રાખવી? ધંધાના મોહને અને માનબડાઇના મોહને, કાં નકામો સમજીને, ન

ફેંકી દેવો? ધંધાના ગાંડપણમાં ગોવિંદને કાં ખોઇ નાખવા? સ્ત્રીની ગેરહાજરીમાં સજવારી કાઢવી; રાંધવું અને વાસણ માંઝવાં, આ ત્રણ કામ, વિધુરોને મુંઝવે છે. પણ તે મુંજવણની સામા થવું. તે કામ કંટાળીને કરવાં નહીં; રોતાં રોતાં કરવાં નહીં; ઉત્સાહથી કરવાં. હવે રોવું શા માટે? હવે કચવાવું શા માટે? આપણે કરેલાં કર્મનો જવાબ, આપણે આપવોજ પડે. 'બસ! આવી જાઓ!' એમ હાકલ મારીને, કામને પતાવી દેવાં. પડકાર સાંભળીને કામ ઢીલાં પડી જશે. કામ કરતાં લાજવું પણ નહીં. કર્મ ભોગવતાં, લાજવું; તે નકામું છે. સગાં સો હોય; પણ જમવા કામ આવે! કામમાં કામ આવે; એવાં ઘણાંજ થોડાં હોય છે;

આપણો પોતાનો પરિવાર પણ, નાનો હોય; ત્યાં સુધીજ, આપણો ઓશીયાળો રહે છે; પછી તેના સ્વાર્થ માટે, અથવા તેના પોતાના સુખ માટે, તે આપણને રખડતા મુકે છે. આપણી સંભાળ રાખે; એવા સોએ એક બે; બાકી હરામખોરોનો કાફલો છે. વિધવા વિધુરે તેમની આશામાં, લગીર પણ લોભાવું નહીં. 'તે તેમની ફરજ બજાવે એમ નથી.' એમ જાણ્યા છતાં, આપણે આપણી ફરજ, રાજી ખુશીથી બજાવવી. કર્તવ્યમાં પાછા

હઠવું નહીં.કર્તવ્યરૂપી ભઠ્ઠીમાં, આપણાં પાપને બાળી નાંખવાં. એટલે તેમનો કોઇનો, ખરેખરો પણ કરવો નહીં. તાત્પર્ય દુઃખને સહન કરી લેવાં, સબળ થવું; નિર્બળ ન બનવું. અવકાશને આકાશેથી ઉતારીને, 'હું કોણ?' કયાંથી, આવ્યો?' મારૂં કર્તવ્ય શું?' આ ત્રણ પ્રશ્નોને, વારંવાર વિચારતાં રહેવું. દ્રવ્યની સગવડ હોય; તો પુણ્યે પાપને ખસેડતાં રહેવું. તકનો લાભ લઇને વાપરતાજ રહેવું. 'વાપર્યું છે; તોજ મળ્યું છે; અને વાપરશું; તોજ મળશે.' એવા અટલ સિદ્ધાંતમાં કદિ શંકા કરવી નહીં. રસોઇઓ રાખી શકાય એમ હોય; તો જરૂર રાખી લેવો. પ્રભુ ભજવા અવકાશ મળી શકે. સમયનું સાર્થક થાય. વારસામાં ઓછા મુકી જવાનો ઠપકો, કોઈ આપી શકે એમ નથી. વધારે મુકી જવાથી, કોઇ જશ આપે એમ નથી. તાત્પર્ય શાંતિથી અને અવકાશથી જેમ રહેવાય; તેમ અવશ્ય કરવું. વિધુરોએ પણ, શ્રાવકના સાધુઓના ધર્મોનો વિચાર કરવો. તેમનું બંધારણ સારૂં છે. તેમને ત્યાગમાં અને વિદ્યામાં પ્રેમ છે. પંડિતો રાખીને, જૈન-સમાજ તેમને ભણાવે છે. તેમને ગળે, મીલ્કતના ટોકરા બાંધ્યા નથી; તેથી તે છૂટા છે—સુખી છે. તે રસોડું રાખતા નથી; તેથી તે છૂટા છે. કોઇને ઘર જમવા જતા નથી; તેથી પણ તે છૂટા

છે. જે મળે છે તે માગીને ખાઇ લે છે; તેથી પણ તે છૂટા છે.

વિધવાએ પોતા જેવડી બ્હેનોને, સંસારનાં સુખ ભોગવતી જોઇને, 'તે ભાગ્યશાળી છે; અને હું અભાગણી છઉં;' એવો ક્ષુદ્ર—એવો અત્યંત અજ્ઞાની વિચાર, કદિ કરવો નહીં. યાદ રાખવું કે—સંસારનાં સુખોમાં, એ પાંચ ગણું દુઃખ ભરી મુકયું છે. (વીતે તે જાણે.) વિધવાજીવનમાં, એવાં ઘણાં દુઃખોને, તાળાં વાસી દીધાં છે; કે તે દુઃખ, વિધવા પાસે આવે નહીં.

વિધવાના વાળ લઇ લેવા; ઘરેણાં લઇ લેવાં; તેને ધોળાં સાદાં વસ્ત્ર પહેરવા આપવાં; વિગેરે જે ક્રિયાઓ થઇ રહી છે; તે તેના બાહ્ય રૂપને લઇ લેવા માટે છે; અને તેના આત્મિક પ્રકાશને વધારવા માટે છે. કેટલાંએક ડાહ્યાં દેખાતાં વિદ્વાન્ સ્ત્રીપુરૂષો, વિધવાને વિરૂપ કરવાના રહસ્યને, બીલકુલ સમજતાં નથી. કેટલીએક વિધવાઓ, શણગારના ત્યાગને, આફત સમજે છે; તે વાસ્તવ જ્ઞાનની ઉણપ છે. ગાભામાં બાંધેલા હીરા, ચોર (કામી) ની દૃષ્ટિએ ઓછા પડે. વિધવા આમ વિરૂપ બને છે છતાં, વિધવાઓ, બહારના અને ઘરના, કામી પુરૂષોથી, ઘણીજ સભય રહે છે. બહારના કરતાં, ઘરના કામી પુરૂષો, વધારે ભયંકર છે. કફરો (કામી)

પુરૂષ વિધવાને માટે ભયંકર છે; તેના કરતાં કફરો (કામી) ધર્મગુરૂ, વિધવાને માટે વધારે ભયંકર છે. આ ભૂલો, ભણેલા ગણેલા, અથવા ધાર્મીક ગણાતા પુરૂષો, વધારે કરતા જણાય છે. બગલા ધોળા. મોટા જ્ઞાની; પણ માછલીઓનો ચારો કરે. વિકારની અને વૈરાગ્યની વચ્ચે, ઝોલાં ખાતું વિધવાનું યૌવન, ચારે તરફથી સાચવવા જેવું છે. 'વિધવાને સંયમ પાળવાનું કહેનારા, જાતે સંયમી છે?' એવા તર્કમાં અફળાવું નહીં. કારણકે–સંયમ પાળવાની તક, ભાગ્યશાળીનેજ મળે છે. સંયમની કીંમત પાઈ એ પાઈ નથી.

ફરી લગ્ન કરનારો વિધુર, મનમાં મુંજાય છે કે—

'હું નહોતો જાણતો કે–વૃદ્ધાવસ્થામાં પરણીને, ચોવીસે કલાક, જુવાન પત્નીના ચોકીદાર થવું પડશે. ક્ષુદ્રવાસનાને ક્ષણભર પોષવા માટે, મારે મારી વ્હાલી સ્વતંત્રતા, ખોઈ નાંખવી પડશે. કજોડે મળેલી યુવાન સ્ત્રી, કોઈ રીતે રાજી રાજી રહે; તેની પેરવીમાં, મારે ચોવીસે કલાક, તેના ગુલામ થઇને રહેવું પડશે; તે રાજી થાય એમ બોલવું પડશે; તેને ગમશે તેમ, મારે કરવું પડશે, તેનો પણ મને, ખ્યાલ નહોતો. 'ઘડપણમાં તે મારી ચાકરી કરશે;' એટલોજ મને ખ્યાલ

હતો. પણ આ જુવાન સ્ત્રીએ તો, મારી ચાકરી કરવા માંડી છે.

'મારી સેવાને બદલે, મારે તેની સેવા કરવી પડશે; એવો ખ્યાલ સ્વપ્નામાં પણ મને નહોતો. જે ઘોડું ચડવા લીધું; તેને મારે ઉપાડવું પડશે; એમ હું જાણતો નહીં. પણ હવે શું થાય? હવે તો જીવું ત્યાંસુધી, તેને જોઉં; અને રોઉં. તે મરી જાય; તો પણ મારી મુક્તિ ન થાય. વિગેરે—

મને પરણેલી જુવાન સ્ત્રી, મને કહે છે કે–'તમારા કયા લક્ષણે, હું તમને પરમેશ્વર માનું?' માત્ર લોક લજ્જાનો ભય, મને ડરાવી રહ્યા છે. સુધારાવાળાનું શરણું લઉં; તો ઘડીને છટ્ઠે ભાગે; તમે મારા પતિ નહી; અને હું તમારી પત્ની નહીં; એવા ઘાટ તેઓ ઘડી આપે–ઘડાવી આપે. સુંદરલાલ મારો સ્નેહી મિત્ર છે. તે અહીં આવે જાય છે; ત્યાંસુધી જ હું જીવીશ. હું તેને માટે જીવું છઉં; તમારે માટે એક ક્ષણ પણ ન જીવું. તમે સંસારમાં નકામા થઈ પડયા છો. વૃદ્ધ છો; અનુભવી છો; સંસારમાં કુટાઇને પાંશરા થયા છો; તો થોડામાં, તમે કાં ન સમજી જાઓ? વિગેરે.'

સ્થિતપ્રજ્ઞ, ભક્ત અને ગુણાતીત. ત્રણમાંથી સ્થિત પ્રજ્ઞની વાત આપને કહું—

દરેક વિધવા વિધુરે, મુમુક્ષુએ, વૃદ્ધે, વાનપ્રસ્થે તથા સન્યાસીએ, સ્થિરબુદ્ધિવાળાં થવુંજ જોઈએ. સ્થિર બુદ્ધિ સુધી પહોંચવા, દરેકે પ્રયત્ન કરવોજ જોઈએ. ગમે તે ધર્મ પાળતા હશો; દેવદર્શન અથવા તીર્થયાત્રા કરતા હશો; પણ બુદ્ધિને અહીં સુધી લાવ્યા વિના, છૂટકોજ નથી. અહીં સુધી આવ્યા પછીજ, મોક્ષ-મુક્તિ અથવા નિર્વાણ પ્રાપ્ત થઇ શકે છે. આ બાબતમાં શંકાને સ્થાન નથી. તર્ક કરવાની જરૂર નથી.

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ—(ગીતા અ. ૨જો)

જેની બુદ્ધિ ભગવદ્ પ્રાપ્તિ માટે, સ્થિર થાય; તેનાં લક્ષણ, નીચે પ્રમાણે હોવાં જોઈએ—શ્રી ભગવાનુવાચ–

પ્રજહાતિ યદા કામાન્, સર્વાન્ પાર્થ મનોગતાન્ ॥
આત્મન્યેવાત્મના તુષ્ટઃ, સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે ॥૫૫॥
દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ, સુખેષુ વિગતસ્પૃહઃ ॥
વીતરાગભયક્રોધઃ, સ્થિતધીર્મુનિરૂચ્યતે ॥૫૬॥
યઃ સર્વત્રાનભિસ્નેહસ્-તંત્ તત્ પ્રાપ્ય શુભાશુભમ્ ॥
નાભિનંદતિ ન દ્વેષ્ટિ, તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૭॥
યદા સંહરતે ચાયં, કૂર્મોંડગાનીવ સર્વશઃ ॥
ઇંદ્રિયાણીંદ્રિયાર્થેભ્યસ્-તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૮॥

વિષયા વિનિવર્તંતે, નિરાહારસ્ય દેહિનઃ ॥
રસવર્જં રસોઽપ્યસ્ય, પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥૫૯॥
યતતો હ્યપિ કૌંતેય, પુરૂષસ્ય વિપશ્ચિતઃ ॥
ઇંદ્રિયાણિ પ્રમાથીનિ, હરંતિ પ્રસભં મનઃ ॥૬૦॥
તાનિ સર્વાણિ સંયમ્ય, યુક્ત આસીત મત્પરઃ ॥
વશે હિ યસ્યેંદ્રિયાણિ, તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૧॥
ધ્યાયતો વિષયાન્ પુંસઃ, સગસ્તેષૂપજાયતે ॥
સંગાત્ સંજાયતે કામઃ, કામાત્ ક્રોધોઽભિજાયતે ॥૬૨॥
ક્રોધાદ્‌ભવતિ સંમોહઃ, સંમોહાત્ સ્મૃતિવિભ્રમઃ ॥
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો, બુદ્ધિનાશાત્ પ્રણુશ્યતિ ॥૬૩॥
રાગદ્વેષવિયુક્તૈસ્તુ, વિપયાન્ ઇંદ્રિયૈશ્ચરન્ ॥
આત્મવશ્યૈર્ વિધેયાત્મા, પ્રસાદમધિગચ્છતિ ॥૬૪॥
પ્રસાદે સર્વદુઃખાનાં, હાનિરસ્યોપજાયતે ॥
પ્રસન્નચેતસો હ્યાસુ, બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥૬૫॥

અર્થ—શ્રીકૃષ્ણ કહે છે કે–હે અર્જુન! મનુષ્ય જ્યારે વૈરાગ્ય પામીને, મનમાં રહેલી સર્વ કામનાઓને ત્યજી દે છે; અને પોતે પોતામાં સંતોષ માને છે; ત્યારે તે 'સ્થિત પ્રજ્ઞ' (સ્થિર બુદ્ધિવાળો) કહેવાય છે. વિવેચન–જીવને આ સંસારમાં, થોડો વખત રહેવું છે. સાથે કાંઈ લઇ જવું

નથી. પાછું જોવા પણ આવવું નથી; પણ જીવ જીવે ત્યાં સુધી, કામનાઓમાં અફળાઇ મરે છે. ત્યાગીઓને પણ, કામનાઓ અફળાવી મારે છે. ચેતે તેજ બચે. [૫૫] દુઃખમાં જેને ઉદ્વેગ થતો નથી; અને સુખની જેને સ્પૃહા થતી નથી; તથા રાગ, ભય અને ક્રોધ જેનાં છૂટી ગયાં હોય છે; તેવો પુરૂષ, સ્થિર બુદ્ધિવાળો ગણાય છે. **વિવેચન**—ઉદ્વેગ વિના રહેવાય કેમ? સુખ વિના રહેવાય કેમ? 'જેને માટે ઉદ્વેગ થાય છે; તેને સુખકર માન્યાં છે. તે તમામ પ્રાણી પદાર્થ, નાશવંત છે; ખોટાં છે; એમ અનેક નિર્ણયોથી નિર્ણય કરીને, ખોટાં માટે ખુવાર થવું નહીં. રાગ, ભય અને ક્રોધ, ભયંકર વસ્તુઓ છે. તે કેમ મટે? તેનો સતત વિચાર કરવો. [૫૬] જે સર્વ પદાર્થોમાં, આસક્તિ રહિત છે. અને જે સારૂં દેખીને હરખાતો નથી; અને ખોટું દેખીને દુઃખ માનતો નથી; તેની બુદ્ધિ સ્થિર ગણાય છે. **વિવેચન**—આસક્તિએ અને હર્ષ શોકે, જીવનું કેટલું બગાડયું છે; તેનો વિચાર કરવો. [૫૭] ભય દેખીને કાચબો, પોતાનાં અંગોને, સર્વ તરફથી સમેટી લે છે; તેમ મનુષ્ય જ્યારે–'વિષયોમાં ભય છે;' એમ સમજીને; વિષયોમાંથી સર્વ ઈંદ્રિયોને ખેંચી લે છે; ત્યારે તે સ્થિર બુદ્ધિવાળો ગણાય છે. વિવેચન

—જેમ પતંગીઆને, દીવાનો ભય સમજાતો નથી; તેમ જીવને વિષયોનો ભય સમજાતો નથી. પેટ ભરીને વિષયો ભોગવવા માટેજ, તેની તમામ પ્રવૃત્તિ છે. જ્યાં મોત છે; ત્યાં સ્વર્ગ સમજાય છે. અક્કલ ફેરવનારા, હજી તેણે શોધ્યા નથી. [૫૮] નિરાહારી મનુષ્યોના વિષયો છૂટે છે. નિરાહાર હોવાથી, તે વિષયો ભોગવતો નથી. પણ વિષયો ભોગવવાની, તેની બુદ્ધિ, જડમૂળથી ઉખડી ગઇ નથી. ઉનાળે બોરડી સુકાઇ ગએલી દેખાય; ચોમાસુ આવતાં પાછી બોરડી ફાલે. કારણકે તે સુકાણી હતી; પણ તેનાં મૂળ જમીનમાં લીલાં હતાં. મૂળ ઉખડી ગયાં પછી, ફરી ફાલવાનો ભય રહે નહીં. આ મૂળીયાં અથવા આ આસકિત, 'પરં દૃષ્ટ્વા નિવર્તતે'—ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થયા પછી; અથવા પરમાત્માનાં દર્શન થયાં પછી; ઉખડી જાય છે. **વિવેચન**—'અમૃતકુંપી' નામની ઔષધિ, લોઢાનું સોનું બનાવી શકે છે. આ ઔષધિ માટે અનેક સાધુઓ પણ, પહાડમાં ભટકે છે. 'સોનું નાશવંત છે. અને અહીં પડયું રહેવાનું છે;' એમ પરંજ્ઞાન કહે છે. તો પરંજ્ઞાન માટે, કેમ સતત પ્રયત્ન ન કરવો? રૂડા સંતનું શરણું કેમ ન લેવું? પરમજ્ઞાનની પરવા માટે હિમાલય સુધી રખડવું પડે. [૫૯] શ્રીકૃષ્ણ આગળ

કહે છે કે–હે અર્જુન! જ્ઞાન વિનાનો ઈંદ્રિય નિગ્રહ અપંગ છે. કારણકે મસ્તાની ઇંદ્રિયો, વિદ્વાનના મનને પણ, વિષયોમાં પરાણે ખેંચી જાય છે. **વિવેચન**–આ વિદ્વાન્ વિજ્ઞાન વિનાનો છે; એમ સમજવું. આવો વિદ્વાન્, વિદ્યાને બળે, રળી ખાય ખરો! સારા શાલ દુશાળા ઓઢીને સભાઓમાં ડહાપણ કરતો દેખાય; પણ ઇશ્વરના દરબારમાં સંતોના જોડા પાસે પણ, ઉભો રહેવાને તેનો અધિકાર નથી. ખોટા સિક્કા ચૌટે ન ચાલે. તાત્પર્ય–મોક્ષનું ચૌટું જુદું છે. આ ચોટામાં અમરીશ જીત્યો; અને દુર્વાસા હાર્યા. શબરી જીતી; અને અઠયાસી હજાર ઋષિઓ હાર્યા. વાનર જીત્યા; અને બ્રહ્મા હાર્યા.

છંદ–કૃત કૃત્ય વિભો! સબ વાનરયે, નિરખંતિ તવાનનસાદરજે.
ધિક્ જીવન દેવશરીરધરે, તવ ભકિત વિના ભવ ભૂલી પરે.

[મોક્ષવાણી પાનુ ૬૧ A.]

તાત્પર્ય—વિદ્વાનોએ પણ વિષયરૂપી ઝેરનું પારખું કરવું નહીં. [૬૦] શ્રીકૃષ્ણ આગળ કહે છે કે–તેથી વિદ્વાને પણ, સર્વ ઇંદ્રિયોને વશ રાખીને, મારા પરાયણ રહેવું. મારા કામકાજમાં જોડાયા રહેવું. આ પ્રમાણે જેની ઇંદ્રિયો, મન સહિત વશ હોય; તેની બુદ્ધિ સ્થિર માનવી. વિવેચન–

સેવા પુજાનો મહિમા વધારવાનું કારણ, હવે સમજ્યા હશો. કે ચિત્ત તેમાં લાગ્યુંજ રહે. આગળ ૧૨ મા અધ્યાયમાં કહે છે કે–

અભ્યાસેઽપ્યસમર્થોઽસિ, મત્કર્મપરમો ભવ ।
મદર્થમપિ કર્માણિ, કુર્વન્ સિદ્ધિમવાપ્સ્યસિ ॥ ૧૦ ॥

વૈષ્ણવોએ આઠ સમાનાં દર્શન ઠરાવ્યાં; તે ચિત્ત તેમાં લાગ્યું ને લાગ્યુંજ રહે. [૬૧] શ્રીકૃષ્ણ આગળ કહે છે કે–

અર્થ—અને જે માત્ર ઇંદ્રિયોને રોકીને, મનવડે વિષયોનું ચિંતવન કર્યાં કરે છે; તેને વળી પાછી, વિષયોમાં રૂચિ ઉત્પન્ન થાય છે. રૂચિમાંથી કામના ઉત્પન્ન થાય છે. કામનામાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધમાંથી મોહ ઉત્પન્ન થાય છે. મોહમાંથી સ્મૃતિનો ભ્રમ ઉત્પન્ન થાય છે. સ્મૃતિના ભ્રમમાંથી બુદ્ધિનો નાશ થાય છે. અને બુદ્ધિના નાશથી સાધકની અધોગતિ થાય છે. વિવેચન–અગ્નિના ભયને આપણે ઓળખીએ છીએ; પણ સંગના ભયને, હજી ઘણા ઓળખતા નથી. નીસરણીનું એક પગથીયું ચૂકેલો દડો, જેમ નીચે નીચે દોડયો જાય છે; તેમ સંગના રહસ્યને ચૂકેલો માનવી, ધીમેધીમે અધોગતિ તરફ દોડયો જાય છે. [૬૨–૬૩] શ્રીકૃષ્ણ આગળ કહે છે કે–

અર્થ—પરંતુ સ્વાધીન અંતઃકરણ વાળો યોગી, પોતાની

વશ કરેલી, રાગદ્વેષ રહિત ઇંદ્રિયો વડે, વિષયોમાં વિચારવા છતાં, પરમાત્માની કૃપાને પામે છે. [૬૪] પરમાત્માની કૃપા પામવાથી, યોગીનાં તમામ દુઃખો, હણાઈ જાય છે. અને તેથી તે પ્રસન્ન ચિત્તવાળો થાય છે. તેની બુદ્ધિ પણ ત્વરાથી સ્થિર થાય છે. [૬૫]

શ્રીકૃષ્ણ આગળ કહે છે કે—

નાસ્તિ બુદ્ધિર યુક્તસ્ય, ન ચાયુક્તસ્ય ભાવના ।।
ન ચાભાવયતઃ શાંતિ–રશાંતસ્ય કુતઃ સુખં ।। ૬૬ ।।

અર્થ—જે પુરૂષને આ લગની લાગી હોતી નથી; તેને પ્રભુ સાથે જોડાવાની બુદ્ધિ, થતીજ નથી. અને તેને પરિણામે ભાવના પણ થતી નથી. જેનામાં ભાવના પણ ન હોય; તેને શાંતિ ન હોય. ત્યારે એવા અશાંત મનુષ્યને સુખ તો ક્યાંથીજ હોય? નજ હોય. વિવેચન—જે ડબો એનજીન સાથે ન જોડાયો હોય; તે રેલ્વેના એકજ સ્ટેશનમાં પડયો રહે છે. જે ડબો ટ્રેનના એનજીનને જોડાઈ ગયો હોય; તે ડબો નવાં નવાં સ્ટેશનો જોઇ શકે છે; તેમ જે માનવી પ્રભુની ભકિત અથવા જ્ઞાનમાં ન જોડાયો હોય; તે યોગ, બુદ્ધિ, ભાવના, અને સુખ નામનાં, જીવનનાં સ્ટેશનો જોઈ શકે નહીં. [૬૬]

શ્રીકૃષ્ણ આગળ કહે છે કે—

ઇંદ્રિયાણાં હિ ચરતાં, યન્મનોऽનુવિધીયતે ।
તદસ્ય હરતિ પ્રજ્ઞાં, વાયુર્નાવમિવાંભસિ ॥ ૬૭ ॥

અર્થ—કારણકે જળમાં વાયુ, જેમ વહાણને આમ-તેમ ખેંચી જાય છે; તેમ આ અયોગી પુરૂષની, વિષયોમાં વિચરતી ઇંદ્રિયોમાં, ગમેતે ઇંદ્રિય સાથે, તેનું મન જોડાય છે. તે ઇંદ્રિય તુરત, તેની બુદ્ધિને ખેંચી જાય છે. વિવેચન—આ શ્લોકો સાધારણ જણાય છે; પણ તે ભયંકર પરિણામ વાળાં છે. કરણઘેલે માધવ દીવાનની સ્ત્રીને દેખી. બસ બગડી તે બગડી! બગડી સુધરી નહીં. સિદ્ધરાજે રાણકદેવીના અને જસમાના રૂપની વાત સાંભળી, ભાન ભૂલ્યો. બસ બગડી તે બગડી; બગડી સુધરી નહીં. વિગેરે અનેક રખડી પડ્યા. તેનું કારણ મલીન ઇંદ્રિયની સાથે, મન જોડાઇ જતાં, બુદ્ધિ બગડી ગઇ તે છે. જેવો માનવીનો સંગ, તેવોજ વિચારોનો સંગ! આપણે કેવા વિચારોની આપ લે કરીએ છઇએ; તે તપાસતાંજ રહેવું જોઇએ. નાટક જોયાં; સીનામા જોયો; લંપટ સ્ત્રી પુરૂષોની નોવેલમાં વાર્તા વાંચી. પણ તેનાં પરિણામનો ખ્યાલ કર્યો નહીં. પોતાનોજ ધર્મ ખરો છે;

અને બાકી બધાં પાખંડ છે; એવાં હઠવાળાં શાસ્ત્રો, અને ભાષણો પણ, સોમલ મેળવેલા દુધ જેવાં ભયંકર છે. તેમાંથી આપણી સ્થિરતાને ડોલાવી નાંખે; એવા વિચારો મળ્યા. આ વિચારો, આપણને ખબર ન પડે એવી રીતે, આપણાં સુખનાં મૂળ ઉખેડીનાંખે છે. [૬૭]

તસ્માદ્યસ્ય મહાબાહો, નિગૃહીતાનિ સર્વશઃ ।
ઈંદ્રિયાણીંદ્રિયાર્થેભ્યસ્-તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૮॥

અર્થ—ચિત્ત ઉપરાંત, જેની ઇંદ્રિયો પણ, સર્વ પ્રકારે વિષયો તરફથી વાળી લીધેલી હોય; તેની બુદ્ધિ સ્થિરતાવાળી ગણાય છે. વિવેચન—સાવધાન રહીને, ઈંદ્રિયોને જે તરફ વાળો; તે તરફ તે વળી શકે એમ છે. આ દેહના અવયવો અને ઇંદ્રિયો, કોઇ અજબ વસ્તુ છે. અજબને સન્માર્ગે લઇ જવા પ્રયત્ન ન કરો; તો તે ગજબ કરી દે. વીજળી અજબ વસ્તુ છે; પણ અંકુશમાં રાખતાં ન આવડે; તો ગજબ કરી દે. મોટર અને ટ્રેન અજબ વસ્તુ છે; પણ એક બગડયો હોય; તો અજબ વસ્તુ, ગજબ કરી દે. આપણા મોટા મોટા દિકરા દિકરી, અને આપણી સ્ત્રી પણ, અજબ વસ્તુ છે. પણ જો તેમની એક બગડી

જાય; તો અજબ પ્રાણીઓ, ગજબ કરી દે. સંસારને ખારો દવ કરી નાંખે. યાદ રાખવું કે–અંકુશ કોઇને ગમતું નથી; પણ અંકુશ વિના ચાલે એમ નથી. (૬૮)

પ્રભુ આગળ કહે છે કે 'હું જે કહું છઉં; તે આ જગત્થી જાદું છે'—

યા નિશા સર્વભૂતાનાં, તસ્યાં જાર્ગતિ સંયમી ।
યસ્યાં જાગ્રતિ ભૂતાની, સા નિશા પશ્યતો મુનેઃ ॥ [૬૯]

અર્થ—જે જગત્નો દિવસ, તે યોગીની રાત્રિ; જે જગત્ની રાત્રિ, તે યોગિનો દિવસ. વિવેચન-ધન, પુત્ર અને સ્ત્રી માટે, જગત્ પછડાઇ મરે. ભગવદ્ રસ્તો–ભગવદ્ માર્ગ –ગમે તે ધર્મ અથવા ગમે તે સંપ્રદાય, ધન પુત્ર અને સ્ત્રી માંથી જેમ બને તેમ, ત્વરાથી મુક્ત થવાની ભલામણ કરે છે. વિધુર અને વિધવા પણ, યોગી છે; ત્યાગી છે. ઘરમાં હીરાના એરીંગ, અને રત્ન જડાવ નકસીદાર હાર; પણ તે વિધવાને ત્યાજય છે. જગત્ જેમાં રાચે; તેને વિધવા વિધુર તજે છે. વિધવાને લલાટે ભસ્મનાં ત્રિપુંડ, અને કંઠમાં રૂદ્રાક્ષની માળા; રૂદ્રાક્ષની માળા સોનેથી મઢેલી હોય; તો તે પહેરવી નહીં; લગીર લાલચ, મોટી આફતને તેડી લાવે.

જે સંસારને મન મોંઘાં; તે ધર્મને મન ક્ષુદ્ર! પરિણામને વિચાર કરીએ; તો ખાત્રી થાય કે—મોટી મીલ્કતને મેળવનારો સિકંદર બાદશાહ પણ, 'સ્ત્રી પુત્ર અને ધન, ભયંકર ભુલવણી છે—મિથ્યા છે.' એમ કહેતો કહેતો, મરી ગયો. ચાર કરોડના મયુરાસન ઉપર બેસનારા મુગલ બાદશાહોએ પણ, મરતાં મરતાં એમજ કહ્યું કે—'ઘણું હતું છતાં, તેમાંથી હું થોડું પણ કરી શકયો નહીં. મોહરૂપી ઉંઘમાં સુઇ રહ્યો. જાગ્યોજ નહીં. ઠાઠમાં ઠગાણો—વિગેરે—વિગેરે.' મોટા મોટા બાદશાહોના આ બોલ છે; ત્યારે ઝુંપડી જેવા નાના ઘરમાં રહેનારાને મદ શો? અભિમાન શાં? આળસ શું? પ્રમાદ કેમ? ભુલવણી કેમ? છતે દીવે, દેખાય નહીં કેમ? વિચાર કરી જોજો! [૬૯]

શ્રીકૃષ્ણ આગળ કહે છે કે—

આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં, સમુદ્રમાપઃ પ્રવિશંતિ યદ્વત્ ।
તદ્વત્ કામા યં પ્રવિશંતિ સર્વે, સ શાંતિમાપ્નોતિ
ન કામકામી ॥૭૦॥

અર્થ—સમુદ્ર સર્વ તરફ ભરપૂર છે; અને તેમાં સર્વ નદીયો તરફથી, જળ દોડયાં આવે છે. છતાં સમુદ્ર

વિકાર પામતો નથી—ઉભરાતો નથી—મર્યાદા મુકતો નથી. વળી આવ્યાં જળ, તેમાં સમાતાં રહે છે; તેમ મનુષ્યની આસપાસ આવતી જતી કામનાઓ, મનુષ્યનાં કાન, નાક, આંખ, બુદ્ધિ વિગેરે દ્વારા, મનુષ્યના હૃદય રૂપી સમુદ્રમાં આવ્યા કરે છે. પણ જો તે મનુષ્ય તેથી વિકાર ન પામે; અને આવતી કામનાઓને હૃદયમાં સમાવી દે; તો તે સાચી શાંતિ પામે છે. કામનાઓ દેખીને, કામનાઓની પાછળ દોડનારો પુરૂષ, શાંતિ પામતો નથી. વિવેચન—આપણા ઘર પાસે 'લ્યો ચેવડો !' એમ બૂમ મારતો ચેવડો વેચનારો, હમેશાં આવે છે ને જાય છે. 'લ્યો ગરમા ગરમ ભજીયાં !' 'લ્યો બરફનાં બટકાં ! અને થાઓ ઠંડા !' વિગેરે વેચનારાઓ આવે છે; અને જાય છે. અને તેમના અવાજ આપણે કાને અફળાય છે. પણ આપણે જો તેમાં ન લોભાઇએ; આપણે તે સાંભળીએ, પણ વિકાર ન પામીએ; તો ચેવડો વિગેરે ખાઇને જે શાંતિ થાય; તેના કરતાં વિશેષ શાંતિ, આપણે રાખી શકીએ ! ચૌટે ચાલતાં અનેક વસ્તુઓને દેખીએ; પણ સાદાઇથી જીવતાં,આપણને આવડતું હોય; તો તે વસ્તુઓ દેખીને, આપણે વિકાર પામતા નથી. રસ્તે અનેક સુંદરીઓ મરડાતી ચાલી જતી હોય; પણ દૃષ્ટિ નિર્મળ

થઇ હોય; મન પવિત્ર વિચારોથી ઉભરાતું હોય; તો–'તે કોણ છે? તે ક્યાં રહે છે? તે કઇ રીતે મને મળે? વિગેરે' અપવિત્ર વિચારો હૃદયમાં થતાજ નથી. (૭૦)

સૌને શાંતિ ગમે છે; પણ શાંતિ માટે કોનો હક છે; તે પ્રભુ કહે છે—

વિહાય કામાન્ યઃ સર્વાન્, પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ ।
નિર્મમો નિરહંકારઃ, સ શાંતિમધિગચ્છતિ ॥૭૧॥

અર્થ—જે મનુષ્ય સર્વ કામનાઓને ફેંકી દઇને, નિઃસ્પૃહ, મમતારહિત, અને અહંકાર રહિત થઇને વિચરે છે; તેજ શાંતિને પ્રાપ્ત કરે છે. વિવેચન–બે પાઇ લઇને નથુભાઇ, હીરા લેવા નીકળ્યા. હીરાવાળાને ઘેર હીરા ઘણા, પણ કીંમત આપવાની શક્તિ જોઈએને? માત્ર ભગવાં, અથવા માત્ર બ્રાહ્મણ, અથવા એવા આડંબરથી, ભગવાન મળે એમ નથી. કામનાઓને છોડી દેવી; નિઃસ્પૃહ થવું; નિર્મળ થવું; અને અહંકાર રહિત થવું; આટલા સાધનવાળો પુરૂષ, શાંતિને પ્રાપ્ત કરી શકે. શાંતિ મળ્યા પછીજ, મોક્ષ અથવા પરમ પદ, અથવા સાચું સુખ! દુનિયા સામે નજર કરોને! શાંતિ કોને છે? ધનવાનને? 'ના. વિદ્વાનને?–'ના'.

રાજાને?–'ના'. રાજાની રાણીઓને? 'ના.' કેટલાંએક મોંઘાં માનવી તો, પિંજારા પાસે જેમ રૂ લોઢાય છે; તેમ કાળ પાસે લોઢાઈ રહ્યાં છે. જગત્માં માથું મારનારને, કામનાઓ છોડવી બને નહીં; નિસ્પૃહ થવું બને નહીં; નિર્મળ રહેવું બને નહીં; અને અહંકાર રહિત થઈને રહેવું; પણ બને નહીં. પ્રભુકૃપા થઈ હોય; તો જગતમાં માથું મારવા જવું નહીં. ગયા હો; તો પાછા વળી જવું. દેશસેવાના ચાકડા, સમાજસેવાના ચાકડા, સુધારાના ચાકડા; ધર્મના ચાકડા, એમ અનેક ચાકડા ઘણા કાળથી, ફર્યા કરે છે. તેના ઉપર બેસનારાં ડાહ્યાં માણસો, પરિણામે જોઇ શક્યાં છે–કે–'જગત્ સુધરતું જતું નથી; પણ વધારે વધારે બગડતું જાય છે. સાદાઈમાં અને સરલતામાં, જે મજા હતી; તે વિદ્યાવિવેકથી શણગારેલી કુટિલતામાં નથી. સાદા ભોજનમાં જે મજા છે; તે પકવાનોમાં નથી. સાદા અને સરલ ધર્મમાં, જે મજા છે; તે અનેક પ્રક્રિયાવાળા ધર્મમાં નથી. વિગેરે [૭૧]

'યુદ્ધવિરામ' તે વિરામ નથી; પણ યુદ્ધને તદ્દન બંધ કરવું; તે વિરામ છે. તેમ ઘડી તડીની શાંતિ–તે શાંતિ નથી; પણ અખંડ શાંતિ, તે શાંતિ છે; એમ હવે પ્રભુ કહે છે—

'એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ, નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ ।
સ્થિત્વાસ્યામંતકાલેઽપિ, બ્રહ્મનિર્વાણમૃચ્છતિ ॥૭૨॥

અર્થ—આ તો બ્રાહ્મી સ્થિતિની વાત છે. આ સ્થિતિને પામેલાં મનુષ્ય, અંતકાળે પણ, આ સ્થિતિમાંજ રહીને, બ્રહ્મનિર્વાણને પામે છે.

વિવેચન—આ મનુષ્યજીવનની સરહદ છે. અહીં સુધી આવે; તેનેજ મુક્તિ મળે. વિધવા, વિધુરે, વૃદ્ધે, માંદાએ અને મુમુક્ષુઓએ, ખુંદી નાંખવા જેવો આ રસ્તો છે. આ માર્ગે ચાલ્યાં; તેમની વાતોમાંથી, શાસ્ત્રો, પુરાણો અને ઉપનિષદ્ બન્યાં. [૭૨]

આ રંડાપાનો વિષય ચાલે છે. તેમાં આપણે ઘણી વાત કરી. હવે બસ ! લ્યો ત્યારે સૌને ઘણા હેતથી જય શ્રીકૃષ્ણ.
લી. તંત્રી મોક્ષપત્રિકા.

મોક્ષમંદિર–અમદાવાદ
વડ સાવિત્રીવ્રત ૧૯૯૬

લી. તંત્રી

નોંધ—૧લી-ગીતાના અ. ૧૨માંથી ભક્તનાં લક્ષણુ, અને ગીતા અ. ૧૪માંથી ગુણાતીત પુરૂષનાં લક્ષણુ, આપે પોતે અવશ્ય વાંચી જવાં. હમેશાં પાઠ કરવો.

નોંધ—૨જી-વિધવા વિધુરને, પ્રભુને સન્મુખ થવાની સંપૂર્ણ સગવડ છે. સધવાને અને તેમના પતિદેવને, પ્રભુથી વિમુખ રહેવાની અનેક અગવડો છે.

નોંધ—૩જી-વાંચીને રાજી થયા હો; અને દ્રવ્યની સગવડ હોય; તો આ પુસ્તકની બે પાંચ નકલો મંગાવીને, વિધવા વિધુરોને પહોંચાડો. અઢળક પુણ્ય થશે.

પવિત્ર વિધવા વિધુરોએ, આવાં જ્ઞાનનાં પુસ્તકો માટે, ખર્ચ કરતાં બીજું નહીં. આ યુગમાં પુસ્તકજ ગુરૂ છે. દ્રવ્યની સગવડ હોય; તો જ્યાં જરૂર જણાય; ત્યાં વિના વિલંબે પુસ્તકો મોકલવાં. હવે બસ !

—: પુસ્તકોના લીસ્ટની નોંધ :—

પહેલે નંબરે મોક્ષપત્રિકા લવાજમ.	૨—
પાછલી ફાઇલો પાકા પુંઠાથી બંધાવેલી મળી શકે છે. દરેકના	૨—
પાતંજલ યોગદર્શન સંપૂર્ણ.	૨—
વિવેકચૂડામણિ સંપૂર્ણ.	૧–૧
વેદાંતકેસરી.	૧—
વૈરાગ્યશતક.	૧—
અપરોક્ષાનુભૂતિ.	૦—
ઉપનયનસંસ્કાર.	૦—
શિવમહિમ્નઃ પદચ્છેદ–અર્થ–ટિકા સાથે.	૦—૪–૦
બ્રહ્મસ્તુતિ.	૦—૪–૦
વિવાહ સંસ્કાર.	૦—૩–૦
મરવું કેવી રીતે ? અને મરનારના વિયોગમાં જીવવું કેવી રીતે ? બે ભાગ છે. દરેકના.	૦—૨–૬
શરણાંગતિ બે ભાગ. દરેકના.	૦—૧–૦
માનવીઓનો મેવો.	૦—૧–૦

બાકી ઘણાં નવ પાઇનાં, છ પાઇનાં, અને ત્રણ પાઈનાં, વાંચવા જેવાં સુંદર.